॥ श्रीँ ॥

॥ दर्पण. ॥

सर्वेषामेवदाश्राद्धदानंविशिष्यते ।
मेरुतुल्यंमहश्राद्धदानंव्यपोहति. ॥

ભાવાર્થ—બધા દાનાદ્ધ દાન વિશેષ છે. જો મેરૂ પર્વત સમાન પાપ હોય તો તે શ્રાદ્ધ દાનથીજ મટે છે. માટે શ્રાદ્ધ કરવું.

અધિકારી ને વિના મુલ્યે આપવા

પ્રસિદ્ધ કરનાર,

આપારાવ વિ રીલાલ હરસુખરાય. પતાઇ.
નાગર સાઠોદરા.
મુ. નડીઆદ—ખડ પોળ.

અમદાવાદ.
"જય પ્રવર્તક" પ્રેસ.

સંવત . શકે ૧૮૧૯. સને ૧૮૯૮.

અડધા ની ટીકીટ મોકલવાથી મફત મળશે.

५८५७

॥ ॐ ॥ श्री ॥

॥ श्राद्ध दर्पण. ॥

દ્વિજવરોને વિના મુલ્યે ભેટ.

सर्वेषामेवदानानांश्राद्धदानंविशिष्यते ।
मेरुतुल्यंमहापापंश्राद्धदानंव्यपोहति. ॥

ભાવાર્થ—બધા દાનમાં શ્રાદ્ધ દાન વિશેષ છે. જો મેરૂ પર્વત સમાન પાપ થયું હોય તો તે શ્રાદ્ધ દાનથીજ મટે છે. માટે જરૂર શ્રાદ્ધ કરવું.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

આપારાવ ઝવેરીલાલ, પતાઇ.

નાગર સાહોદરા.

મુ. નડીઆદ—અલપોળ.

અમદાવાદ.
"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

સંવત ૧૯૫૪. શકે ૧૮૧૯. સને ૧૮૯૮.

અડધા આનાની ટીકીટ મોકલવાથી મફત મળશે.

अर्पणपत्रिका.

श्री गायत्रिवेदमातरम् ।

गायत्र्यास्तुपरंनास्तिदिविचेहचपावनम् ।
हस्तत्राणप्रदादेवीपततांनरकार्णवे ॥

હે દ્વિજવર જનેતા તારા અલૌકિક પ્રભાવથી આલૌકિક
અને પરલૌકિક કોઇ પણ વસ્તુ અલભ્ય રહેતી
નથી. એવી હે ગાયત્રિ માતા તને મારા
ખરા અંતઃકરણ પૂર્વક સાષ્ટાંગ પ્રણામ
સાથે આ લઘુ ગ્રંથ આપના
ચરણારવિંદમાં અર્પણ કરી
મારૂ ગ્રંથ પ્રત્યેનું
સાફલ્ય સમજું
છઉં.

હું છું તારો
કનિષ્ટ દાસાનુદાસ.

આપારાવ ઝવેરીલાલ પતાઇ.

ઉપકાર પત્રિકા.

આ લઘુ ગ્રંથ તૈયાર કરવામાં નડીઆદના નાગર સાઠોદરા વેદપાત્ર ત્રીવેદી જસભાઇ દુલતરામે બહુજ શ્રમથિ ઉત્તેજન સાથે અમુલ્ય મદદ કરી છે તેનો બદલો વાળવાનું આ યોગ્ય સ્થાન જાણી તેમનો આ સ્થળે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. તેમજ ત્રવાડી જીવણરામ આદીતરામ વીગરે નાગર વેદ પાત્રોએ સમયાનુસાર સૂચનાઓ કરી મદદ કરેલી છે તેથી તેમનો પણ આ સ્થળે આભાર માનું છું. નડીઆદ સંસ્કૃત શાળાના અધ્યક્ષ શાસ્ત્રિ ગોવિન્દરામ ફકીરભાઇ તથા સુરતના વેદશાસ્ત્ર સંપન્ન મંત્રશાસ્ત્રિ પંડીત જદુરામ, હરદત્તે વખતો વખત ગ્રંથાનુકુલ સૂચનાઓ આપી તથા શુદ્ધા શુદ્ધ જોઇ આપી તેમના કિંમતી વખતનો વ્યય કર્યોછે તેથી તેમનો પણ આ સ્થળે આભાર માનુંછઉં.

નડીઆદ.
માહા શુકલપક્ષ. ૧૫ રવીવાર
સંવત ૧૯૫૪.

પ્રસિદ્ધ કર્ત્તા.

પ્રસ્તાવના.

પ્રાચિન સમયથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય, શુદ્ર, એ ચાર જાતીએ નિર્માણ થએલ છે; તે પૈકી પહેલાની ત્રણ જાતિઓ દ્વિજ નામથી ઓળખાય છે યાજ્ઞવલ્ક સ્મૃતિના ૧ આ. શ્લો. ૩૯ માં કહ્યું છે કે.

मातुर्यदग्रेजायंतेद्वितीयंमौंजिबंधनात् ।
ब्राह्मणक्षत्रियविशस्तस्मादेतेद्विजाःस्मृताः ॥

ભાવાર્થ—બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈસ્ય એઓ દ્વિજ કહેવાય છે. કારણ કે તેમનો પ્રથમ જન્મ માતાથી અને બીજો જન્મ જનોઇ દેવાથી થાય છે તેમાં બ્રાહ્મણને વેદ ભણવા ભણાવવાનો, યજ્ઞ કરવા કરાવવાનો અને દાન આપવા લેવાનો અધિકાર છે; અને ક્ષત્રિય તથા વૈસ્યને માત્ર વેદ ભણવાનો, યજ્ઞ કરવાનો અને દાન કરવાનો અધિકાર છે. બીજા ત્રણ કર્મો કરવાનો અનધિકાર છે. તેમજ **अकृत्वा वैदिकं नित्यं प्रत्यवायी भवेन्नरः ॥** વેદપ્રતિપાદિત નિત્યકર્મ નહિ કરવાથી દ્વિજ પાપરૂપ દોશને પામે છે એમ શ્રુતિમાં કહ્યું છે. માટે દરેક દ્વિજ માત્રે વેદોક્ત કર્મ કરવુંજ જોઇએ એ ત્રણ જાતિઓમાંથી સાંમ્પ્રત સમયમાં બીજી ઘણી જાતો ઉત્પન્ન થએલ છે. બ્રાહ્મણ વર્ણમાં પણ અસંખ્ય જ્ઞાતિઓ થએલ છે જેમાં મુખ્ય "નાગરો" નામથી પ્રસિદ્ધ છે જેઓની દીન પ્રતીદીન ક્ષિણતા નજરે આવે છે. જેનાં કારણ મારા ધારવા મુજબતો ઘણાં છે જેવાં કે કંન્યાવિક્રય, બાળલગ્ન, કુલાભિમાન, અનાચાર, વ્યભિચાર, અને ધર્મ ઉપર અનાસ્થા વીગરે છે. તેમાં મુખ્ય સ્વધર્મનો અનાદર અને

પરધર્મનો આદર જોવામાં આવે છે. મહાભારતમાં કહ્યું છે કે **विप्राणां कर्म-दोषैश्च प्रजानां भवतिक्षयः ॥** બ્રાહ્મણના કર્મમાં દોશ થવાથી (કર્મ નહી થવાથી) પ્રજાનો ક્ષય થાય છે. તો એ ઉપરથી સિધ્ધ થાય છે કે જેમ અગ્નિના તણખા ઉડવાથી આસપાસ પડેલુ ઘાસ સળગી બળે છે તો તે અગ્નીની અંદર રહેલ લાકડાં બળે તેમાં નવાઇ નથીજ તેમજ જ્યારે બ્રાહ્મણના ષટકર્મ વીગરે બીજાં વેદોક્ત કર્મ ન થવાથી બીજી પ્રજાનો ક્ષય થાય ત્યારે પોતાની જ્ઞાતિનો (વર્ણનો) નાશ અવસ્ય થવોજ જોઇએ. હાલમાં વંશની વૃદ્ધિને બદલે ક્ષય થતો જોવામાં આવે છે તે શ્રાદ્ધના અનાદરનુ મુખ્ય કારણ છે આપણે શ્રાદ્ધનો ત્યાગ કરવાથી આપણા પિતૃઓ તૃપ્ત થતા નથી, અને તેથી તેઓ શ્રાપદેતા હોવાથીજ આપણે આ આપત્તિમાં આવી પડ્યા છૈએ. વાંચનાર! વિચારકર કે "દિવો લઇ કુવામાં કોણ પડે?" કોઇજ નહી તો અમારા લઘુ ગ્રંથનો લાભ લઇ દરેક દ્વિજ માત્ર પોતાના પિતૃઓના શાપથી બચશે એવી આશા છે.

શ્રાદ્ધ એટલે શું? એ વિશે નવ કંડીકા સુત્ર ભાષ્યમાં કહ્યું છે કે.—

देशेकालेचपात्रेचश्रद्धयाविधिनाचयत् ।
पित्रुनुद्दिश्यविप्रेभ्योदानंश्राद्धमुदाहृतम् ॥

ભાવાર્થ:— સારા સ્થાનમાં સારા વખતમાં સદપાત્રમાં શ્રદ્ધા તથા વિધિ યુકત પિતૃને ઉદ્દેશી જે દાન બ્રાહ્મણને કરવામાં આવ્યું હોય તે શ્રાદ્ધ. સારા સ્થાનમાં એટલે કે જ્યાં દુષ્ટ જાનવર દુષ્ટ મનુષ્ય પક્ષી, વીગરેથી ઉપદ્રવ રહીત હોયતે. સારા વખતમાં એટલે કુતપકાળમાં શ્રાદ્ધ કરવાનો સારો વખત છે. કુતપકાળ બાર વાગ્યા પછી એક વાગ્યાને સુમારે શરૂ થાય છે તેને અપરાન્હકાળ કહે છે તેમાં શ્રાદ્ધનો આરંભ કરવો. સારા પાત્રમાં

એટલે કે શ્રાદ્ધ કરવાને દિવસે બ્રાહ્મણનું આમંત્રણ કરવું તે સારો વેદ ભણેલો, આસ્તિક, શિળવાળો શાન્ત જોઇએ, જે બ્રાહ્મણ વેદ ભણ્યા વગરનો હોય તેને વર્જવો.

નાગર ખંડમાં કહ્યું છે કે—બ્રાહ્મણને જમાડવા અને પોતે છોકરાઓ સાથે જમવું. પણ વેદવર્જીત બ્રાહ્મણને જમાડવો નહી. હાલમાં વેદ ભણેલા બ્રાહ્મણો મળવા મુશ્કેલ છે માટે જે પોતાના ષટકર્મમાં શુદ્ધ રહેતો હોય તેને આમંત્રણ કરવું. શ્રીમદ ભગવતી ભાગવતના ત્રીજા સ્કંધના ૧૦ મા અધ્યાયમાં કહ્યું છે કે જે બ્રાહ્મણ મુર્ખ હોય (વ્યસની હોય) તેને સત્કર્મના ફળની ઇચ્છા વાળાએ પિતૃઓના કે દેવના આસન ઉપર બેસાડવો નહી. અને જો શુદ્ધ ભણેલો બ્રાહ્મણ ના મળેતો દર્ભનાચટ માંડી શ્રાદ્ધ કરવું પણ મુર્ખ બ્રાહ્મણને બેસાડી શ્રાદ્ધ કરવું નહી. હાલના કેટલાક બ્રાહ્મણો એક જગોએથી આમંત્રણ આવ્યું હોય અને બીજી જગોએ જો વધારે દક્ષિણા મળે તેમ હોયતો તે પાછળનું આમંત્રણ માની પ્રથમના આમંત્રણનો તિરસ્કાર કરી ના પાડે છે તે વીશે માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે—

आमन्त्रितस्तुयोविप्रोभोक्तुमन्यत्रगच्छति ।
नरकानांशतंगत्वाचाण्डालस्यापिजायते ॥

ભાવાર્થ:—આમંત્રણ કરેલો બ્રાહ્મણ જો (દક્ષિણા કે મિષ્ટાન્નના લોભથી) બીજે ઠેકાણે જમવા માટે જાય તો તે સેંકડો વર્ષ નરકમાં તરફડીઆં મારી છેવટે ચાણ્ડાલ યોનીને પામે છે. માટે કદી બીજાનું પાછળથી આવેલું આમંત્રણ સ્વીકારવું નહી એક આનો કે બે આનાના લોભથી એક ક્ષણીક સુખને માટે સેંકડો વર્ષ નરકની પીડા ભોગવી નીચ યોનીમાં જવા કયો મુર્ખ મુઢ બ્રાહ્મણ ઇચ્છા કરશે? કોઇજ નહી કરે તેમજ જમવા

(વખતે) પણ વખતસર નહી જતાં જે પ્રમાદ વિગરે કારણથી વાર કરે તેને માટે નાગરખંડમાં કહ્યું છે કે.

आमन्त्रितस्तुयोविप्रोविलंबंकुरुतेसदा।
देवद्रोहीपितृद्रोहीपतेच्चनरकंध्रुवम् ॥

ભાવાર્થ:—જે બ્રાહ્મણ શ્રાદ્ધમાં આમંત્રણ કરેલ છતાં જવાવાર કરે છે તે દેવદ્રોહી તથા પિત્ર દ્રોહી થઇને નરકમાં પડે છે માટે આમંત્રણ કરેલા બ્રાહ્મણે યજમાનના કહેલ બરાબર વખતે જવું જોઇએ. દરેક વાંચક વૃંદ ભાઇઓએ અવશ્ય શ્રાદ્ધ કરવું જોઇએ છતું શ્રાદ્ધ પદ્ધતિમાં કહ્યું છે કે.

मासिमासित्वमावास्यादिनेप्राप्तेनराधमः।
नार्पयेत्पितरंपिण्डान्नसपुत्रोनवैपिता॥

ભાવાર્થ:—માસે માસે અમાવાસ્યાનો દીવસ પ્રાપ્ત થયા છતાંજ જે અધમ માણસ પોતાના પિત્રાઇઓને પિંડાન્ન આપતો નથી તે તેનો પુત્ર ન સમજવો અને તેને તેનો બાપ પણ સમજવો નહી. મતલબ કે વર્ણસંકર જાણવો. તેમજ સ્મૃતિ ચંદ્રિકામાં કહ્યું છે કે.

पितृक्षयामकुर्वाणोअन्नंभुंजीतयोद्विजः।
सचसंवत्सरंयावत्पितृणांरुधिरंपिबेत् ॥

ભાવાર્થ:—પિતૃક્ષય (મહાલય) શ્રાદ્ધ ન કરતાં જે દ્વિજ અન્ન ખાય છે તે એક વર્ષ પર્યંત પિતૃઓનુ રૂધીર પિવે છે. માટે એવો કયો

મુર્ખ દ્વિજ હશે કે જે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ નહી કરી રૂધિર પિવાનું અમુલ્ય ગણશે ? હું તો નથી ધારતો કે કોઇ પણ માતુશ્રીએ એવો પુત્ર જણ્યો હોય ? તેમજ નાગર ખંડમાં કહ્યું છે કેઃ—

संवत्सरेतुसंप्राप्तेनकुर्यात्पितृतर्पणम् ।
तस्यदर्शनमात्रेणसचैलस्नानमाचरेत् ॥

ભાવાર્થઃ—જે દિકરો વર્ષે વર્ષે શ્રાદ્ધ કરતો નથી તેના દર્શન માત્રથીજ સચૈલ સ્નાન કરવું. આ વિગેરે આપણા શાસ્ત્રકારોએ શ્રાદ્ધ ન કરવા સંબંધમાં ઘણું પાપ કહ્યું છે. તો અત્રે પિષ્ટપેશન કરવા માગતો નથી. દરેક બ્રાહ્મણોએ પોતાના દેશ, કાળ, જ્ઞાતિ, અને કુલાચારની રીતને કદી છોડવી નહી. મતલબ કે પોતાના ગોત્રના રીવાજ મુજબ કામ કરવું. નાગરો માટે ખાસ—નાગર ખંડમાં કહ્યું છે કેઃ—

अनग्निरग्नौकरणंक्षयाऽहेऽपिचपार्वणम् ।
प्रतिपात्रंभस्मरेखांनकुर्यान्नागराद्विजः ॥

ભાવાર્થઃ—સાંવત્સરીક શ્રાદ્ધમાં પાર્વણ, અગ્નૌકરણ, દરેક પાત્રને ભસ્મનીરેખા. નિરગ્નિકનાગરે ન કરવાં, મતલબ કે નાગરોએ સાંવત્સરીક શ્રાદ્ધ એકોદિષ્ટજ કરવું. પણ હાલ તેમ થતું જોવામાં આવતું નથી માટે પોતાના જ્ઞાતિ તથા કુળના રીવાજ પ્રમાણે વર્તવું. લખવાનું તો ઘણું છે પણ પુસ્તક નહાનું ને પ્રસ્તાવના મોટી થઇ જવાના ભયથી હું મારી કલમ બંધ કરૂં છઉં માહારો આ પ્રથમ પ્રયાસ છે માટે જે વાંચક વૃંદને તેમાં ભુલ ચુક માલમ પડે તે સુધારી વાંચવા તસ્દી લેશે; અને મને સૂચના

કરશે તો ફરીની આવૃતીમાં સુધારો કરવામાં આવશે જો આ લઘુ પુસ્તકનો સારો સત્કાર થએલો જોવામાં આવશે તો પછી ખટ પિંડથી આરંભી દશા, એકાદશા, દ્વાદશા, મહાલય વીગેરે તમામ શ્રાદ્ધ છપાવી ભાઇઓની સેવામાં મુકવા વીચાર રાખું છઉ. આ ગ્રંથનો ઉદ્દેશ માત્ર સરળ વિશ્વાસુ માટે છે, તાર્કીકો માટે નહી.

નડીયાદ.	પ્રસિદ્ધ કર્તા.
પોશ શુકલપક્ષ. ૧૧ સોમવાર.	આપારાવ ઝવેરીલાલ પતાઈ.
સંવત ૧૯૫૪.	

॥ श्री ॥

॥ श्राद्ध दर्पण. ॥

મંગળા ચરણ.

શ્રી સદ્‌ગુરૂ, પરમાત્મા, પવિત્ર મહાત્માઓ અને શ્રી ઇષ્ટદેવિ ગાયત્રિના ચરણારવિન્દમાં પ્રેમ ભક્તિપૂર્વક પ્રણામ કરી યથા શક્તિ ગ્રંથનો આરંભ કરૂછઉં.

શ્રાદ્ધ કરનારે નિચેની બાબતો સારી પેઠે સમજવી જોઇએ. શ્રાદ્ધ કરવાનું મંડળ ઘરના દક્ષિણ ભાગમાં ગોમયથી લિંપી પોતાના બે હસ્તનું[1] સમચોરસ કરવું; તે કરેલા મંડળમાં બિલાડુ, કુતરૂ, મરઘડુ, વીગેરે દુષ્ટ જાનવર પ્રવેશ કરે નહિ તે સાચવવું. શ્રાદ્ધ કરતા પહેલાં તથા કરી રહ્યા પછી, પગ ધોયા પછી, દેવાર્ચન વખતે, વિકિરનો પિંડ મુકયા પછી, અને પિંડાન્ન કર્યા પછી આચમન કરવા ચૂકવું નહિ. ગયા શ્રાદ્ધમાં, તિર્થ શ્રાદ્ધમાં, માતામહના શ્રાદ્ધમાં, ષોડશી શ્રાદ્ધમાં વિકિરનો પિંડ મુકવો નહિ. અર્ઘ્ય, આવાહન, બ્રાહ્મણને અંગુઠો દેખાડી બેસાડવા તે, વિકિરનો પિંડ, તૃપ્તી પ્રશ્ન એટલાંવાનાં તિર્થ શ્રાદ્ધમાં કરવાં નહિ. ઇષ્ટિ શ્રાદ્ધમાં ક્રતુદક્ષૌ, નાન્દી શ્રાદ્ધમાં સત્યવસુ, સાંવત્સરિક શ્રાદ્ધમાં પુરૂરવાર્દ્ર, તિર્થ શ્રાદ્ધમાં ધૂરિલોચન, સપિંડી શ્રાદ્ધમાં કાલકામ, મહાલય શ્રાદ્ધમાં કુરૂ કુત્સ, ત્રયોદશા શ્રાદ્ધમાં વિશ્વેદેવા નામના (સંબોધનથી) દેવ લેવા. સાંવત્સરિક શ્રાદ્ધમાં

---

૧ પોતાના ખભાથી આંગળીના અગ્ર પર્યંત એક હસ્ત ગણવો.

કૉઠા જેવડા, ગયા શ્રાદ્ધમાં આમળા જેવડા, પ્રેતપિંડમાં મોટા લિંબુ જેવડા, સપિંડી શ્રાદ્ધમાં નાળિયેળ જેવડા, મહાલય શ્રાદ્ધમાં મરઘડીના ઇંડા જેવડા, અને જે ઉછીષ્ટ હોય તે મુઠીભર પિંડનું પ્રમાણ કરવું. કોઇ પરદેશમાં મરીજવાથી તિથિ યાદ ન હોય તો તેનું, ઉદકદાન, પિંડદાન, તથા શ્રાદ્ધ, કૃષ્ણપક્ષનાં એકાદશી, ચોદશ અને અમાવાસ્યાએ કરવું. સ્ત્રી રજસ્વળા હોય, પુત્ર જન્મ હોય, પ્રવાસમાં હોય, બ્રાહ્મણનો અભાવ હોય તો શ્રાદ્ધ કરવું નહિ પણ સિદ્ધ આપી કામ ચલાવવું. કહોળુ, વંતાક, વાલનીદાળ, ચૉળા, ચણા, ધોળા સરસવ, લસણ, ડુંગળી વિગેરે નિષિદ્ધ પદાર્થ શ્રાદ્ધ કર્મમાં લેવા નહિ. માલતિ, કમળ, પોયણાં, ચમ્પાનાં ફુલ, સફેદ પુષ્પ, આમળીનાં પાન, સમડીનાં પાન, ભાંગરાનાં પુષ્પ પત્ર, તુળસિ, એટલાં શ્રાદ્ધમાં ઉપયોગી છે; લાલ પુષ્પ કદી લેવાં નહિ. શ્રાદ્ધ કરનારે શરીરે તેલ ચોળી અભ્યંગ સ્નાન કરવું નહિ. શ્રાદ્ધ કરનાર તથા કરાવનાર ગૉરે બેવાર ભોજન, વેદનું અધ્યયન, ભાર ઉપાડવો, પરિશ્રમ, પરગામ જવું, મૈથુન, દાન, પ્રતિગ્રહ, હોમ, ક્રોધ, જીવહિંસા, શીઘ્રતા, પ્રમાદ, કલહ, ક્ષૌર (હજામત) ઇત્યાદી કર્મ કરવાં નહિ. યજમાને તથા ગૉરે બ્રહ્મચર્ય રાખવું, સત્ય બોલવું, ક્ષમા રાખવી; શ્રાદ્ધ કરનારે શ્રાદ્ધના પેહેલા દિવસે એકવાર હવિષ્યાન્ન ભોજન કરવું, સંકલ્પ કરવા માટે જળ આચમનીમાંજ લેવું, કદાપી હાથમાં જળ લેવું નહિ તેમજ ત્રિપુંડ્ર કરવું નહિ, પુષ્પ માળા પહેરવિ નહિ, ઉભુ ગોપિચંદનનું સફેદ ટિલું કરવું. દેવ પૂજન વખતે પૂર્વાભિ મુખે બેસવું તથા પિતરના પૂજન વખતે દક્ષિણાભિ મુખે બેસી ડાબો પગ ઉંધો વાળવો; યજુર્વેદિ અને સામ વેદિઓએ શ્રાદ્ધ

કરતા પહેલાં ઋગવેદિઓએ મધ્યે અને અથર્વવેદિઓએ શ્રાદ્ધ કરી રહ્યા પછી વૈશ્વ દેવ કરવો. વૃદ્ધિ શ્રાદ્ધ (નાન્દી શ્રાદ્ધ)માં પ્રથમ, સાંવત્સરિક શ્રાદ્ધમાં શ્રાદ્ધ કરી રહ્યા બાદ અને પાર્વણ શ્રાદ્ધ (મહાલય) માં મધ્યે વૈશ્વ દેવ કરવો. શ્રાદ્ધના પહેલા દિવસે સારા વિદ્વાન, શિળવાન તથા આસ્તિક બ્રાહ્મણને આમંત્રણ કરવું. શ્રાદ્ધના દિવસે પ્રાતઃકાળે ચાર વાગે ઉઠી, શૌચ (દસ્ત પેશાબ) કરી આચમન લેઇ પાણીના ૧૨ કોગળા કરવા; તે દિવસે લાકડાનું દાતણ કરવું નહિ. પછી સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી, સંધ્યા, જપ, બ્રહ્મયજ્ઞ, તર્પણ, [1] દેવ પૂજનાદિ નિત્ય કર્મ સમાપ્ત કરી રસોડુ ગોમય, માટી, જળથી લીંપિ શુદ્ધ કરી સ્વચ્છ વાસણમાં પોતાની શક્તિ મુજબ રસોઇ પોતે જાતે અથવા ભાઇ, ભાઇની સ્ત્રી, પોતાની સ્ત્રી, મા, વીગરે પાસે કરાવવી; પણ વ્યભિચારી, રજસ્વલા વાંઝણી, કાંણી, નાસ્તિક, કાન ટુટેલી, પાખંડી, ગર્ભિણી, ચોરટી, દલાલાં કરનારી, વિધવા, વીગરે સમયને અનુસરી દુષ્ટ સ્ત્રી પાસે રસોઇ કરાવવી નહી. [2] રસોઇ કરી રહી શ્રાદ્ધ કરવાની જમીન ચોખુણ ગોમય તથા જળથી પવિત્ર કરી તેમાં તલ અને પિળા સરસવ વેરી નીચેનાં સાહિત્ય તૈયાર કરવાં.—પાટલા (જેટલા બ્રાહ્મણ હોય તેટલા તથા બે વધારે) નંગ. ૪ આચમનીઓ ૨, પંચપાત્ર ૨ જળનો ત્રાંબાનો લોટો, તરભાણું, દર્ભનાં આસન, દર્ભ, જવ, કાળા તલ, તુળસી, સફેદ પુષ્પ, પ્રથમ બતાવેલા ઝાહાડના પત્ર, ધોયલુ સ-

---

૧ જો બ્રહ્મયજ્ઞ અને તરપણ બાકી હોયતો શ્રાદ્ધ કરતાં પહેલાં કરી શ્રાદ્ધનો આરંભ કરવો.

૨ દુષ્ટ સ્ત્રીએ રસોઇ કરી હોયતો તે પિત્રીઓ ગ્રહણ કરતા નથી.

ફેદ વસ્ત્ર, ઉપવસ્ત્ર, યજ્ઞોપવિત, તાંબુલ, સોપારી, મુખવાસ, ધુપ (ગુગળને ઘી) દીપ (તેલ અથવા ઘીનો) ચંદન સફેત, પંચામૃત,[1] પિંડ ઉપર ઓઢાડવા માટે વસ્ત્ર અથવા રેશમ, ઉન કે સુતરના તાર, પિંડ કરવા માટે રાંધેલા ચોખા, ભોજન વીગરે.—

મધ્યાન વીત્યા બાદ કુતપ[2] કાળમાં સ્નાન કરી ધોયલુ સફેદ વસ્ત્ર પહેરી, ઉપવસ્ત્ર લઇ શ્રાદ્ધ કરવાની કરી રાખેલી જગોએ જઇ ચારે દિશાએ પાટલા મુકી દક્ષીણ દિશાના પાટલા ઉપર બ્રાહ્મણને બેસાડવા (જો પ્રત્યક્ષ બ્રાહ્મણ હોય તો એ પ્રમાણે કરવું; નહિ તો દર્ભના ચટ કરી કામ ચલાવવું એમ બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે.) દિવા કરી, આચમન લઇ, પ્રાણાયામ કરી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:—

अत्राद्य महा मांगल्य प्रदे अमुक मासे, अमुक पक्षे, अमुक तिथौ, अमुक वासरे, यथा

---

૧ ગાયનુ દુધ, દહી, ખાંડ, ઘી મધ એ પંચામૃત કહેવાય છે.

૨ કુતપ કાલનું લક્ષણ पाराशर स्मृति માં કહેછે કે अन्हो मुहूर्ता विख्याता दशपंच च सर्वदा। तत्राष्टमो मुहूर्तोयः सकालः कुतयः स्मृतः ॥

અર્થાત બાર વાગ્યા પછી તે ચાર વાગ્યાની અંદર શ્રાધ કરવું રોહયણી કાળનું ઉલંઘન કરવું નહી. મતલબ કે ચાર વાગી જવાદેવા નહિ તેમજ રાત્રે શ્રાદ્ધ કરવું નહી કારણ તેને પિતૃઓ ગૃહણ કરતા નથી અને તે રાક્ષસી શ્રાદ્ધ કહેવાય છે, પણ, કેટલાક યાજ્ઞવલકાદિ મુનિઓનો મત છે કે જો શબને અડકવું પડયું હોય તથા બીજી એવી અગવડને લીધે જો શ્રાદ્ધકાળ ન સચવાયો હોય તો પહોર રાત્રી થતાં સુધીમાં પણ શ્રાદ્ધ કરવુંજ.

वर्तमान नक्षत्र, योग, करण, लग्न मुहूर्त समवाये एवं ग्रहगण विशिष्ठायां शुभ पुण्य तिथौ, अमुक (सांवत्सरिक) श्राद्धांगी भूतं विष्णु पूजनाद्यर्चन महं करिष्ये. ॥

पूर्व दिशामां मुकेला पाटला उपर श्री विष्णुनु पूजन करवुं; तुळसी पत्र चंदनवाळु करी विष्णुने अडकाडी राखी पुरुषसुक्त अथवा ॐ इदं विष्णुर्विचक्रमे ०॥ मंत्र सोळवार भणी देहन्यास करवा; जो शालिग्रामनी मूर्ति होय तो आवाहन करवुं नहि तेमज अक्षत चडाववा नहि; पण जो दर्भनो चट करेलो होय तो आवाहनादि करवुं.

ॐइदंविष्णुर्व्विचक्रमेत्रेधानिदधेपदम् ।
समूढमस्यपाꣳसुरे ॥

मंत्र आखो बोली, नमो भगवते विष्णवे नमः पाद्यं समर्पयामि. ॥ ए रीते बोली पाद्य आपवुं; पछी अर्घ्यं समर्पयामि.॥ बोली अर्घ्य आपवो तेज रीते आचमन, स्नान, पंचामृत स्नान, गंधोदक स्नान, शुधोदक स्नान करावी; चंदन, तुळसी, पुष्प, धूप, दीप, नैवेद्य, फळ, तांबुल, दक्षिणा वीगेरे उपर प्रमाणे बोली (संबोधी) पूजन अर्पण करतां जळ झाली अद्य पूर्वो

चरित *विष्णु पूजन कृत विधेः सर्वं परिपूर्णताऽस्तु॥ બોલી ઝાલેલું જળ મુકી દઇ આચમન લઇ, પ્રાણાયામ કરી દક્ષિણ દિશામાં મુકેલા પાટલા ઉપર નીચે પ્રમાણે દર્ભના ચટ કરી ગોઠવવા.

કળી[1] સુદ્ધાં ત્રણ સેરવાળો જે દર્ભ એવા ચાર દર્ભના બે (બબે ત્રીશાખીદર્ભનો એક) ચટ વિશ્વેદેવાના કરવા. ત્રણ સેરવાળા ત્રણ દર્ભ લઇ તેનો એક ચટ પિત્રાદિ લોકો માટે બાંધવો, એવા ત્રણ ચટ કરવા. ચટ કરવા માટે ત્રિશાખા દર્ભના અગ્ર આગળ સઇડકીયા ગાંઠ વાળવી તે ગાંઠ આગળ રહે તેમ મુકવા. સવ્યથી ઉત્તરાગ્ર દર્ભના કડકા આસન માટે મુકી તે ઉપર વિશ્વેદેવાના બે ચટ પૂર્વાગ્ર મુકવા. અપસવ્ય કરી વિશ્વેદેવાના ચટથી પૂર્વ ભણી પૂર્વાગ્ર દર્ભના આસનના ત્રણ કડકા મુકી તે ઉપર ઉત્તરાગ્ર ચટનાં મ્હોં રહે તેમ પિત્રાદિના ત્રણ ચટ મુકવા.

પૂર્વાભિ મુખે બેસી સવ્ય કરી હાથમાં દર્ભ ને જવ ઝાલી

---

* જો વિષ્ણુનું શોડષોપચાર પૂજન કરવું હોય તો નીચેના ઉપચારના અનુક્રમથી કરવું.

आसनंस्वागतंचार्घ्यपाद्यमाचमनीयकम् ।
मधुपर्कार्पणंस्नानंवसनाभरणानिच ॥ १ ॥
सुगन्धःसुमनोधूपोदीपोनैवेद्यएवच ।
माल्यानुलेपनेचैवनमस्कारोविसर्जनम् ॥ २ ॥

1 કળી=મુળ.

સંપુટ કરી [1]द्वेवे क्षण क्रियतां. [2]क्रियतास्म ॥ બોલી નીચે પ્ર-
માણે બોલવું.

ॐअक्रोधनैःशौचपरैःसततंब्रह्मचारिभिः ।
भवितव्यंभवद्भिश्चमयाचश्राद्धकारिणा ॥

ॐ सर्वाया सविनिर्मुक्तैः काम क्रोध विव-
र्जितै र्भवद्भि र्विश्वेदेवा स्स्थाने देव कार्यं संपा
द्यंमे प्रसिदंतु. संपादयिष्यामः । आगतंवःसु-
स्वागतं, अर्घ्यंमे प्रतिगृह्णंतु मयादत्तं द्विजो-
त्तमाः । पादप्रक्षालनार्थाय प्रकुर्वंतु ममाप्रियं ।
पुरुरवार्द्रौ विश्वेदेवा इदंवः पाद्यं, पादावनेजनं,
पादप्रक्षालनं, इदमत्रोदकं सचंदनंच पुष्पं. ॥

એટલું બોલી ઝાલેલા જવ વિશ્વેદેવાના ચટ ઉપર ચ-
ડાવી, પાદપ્રક્ષાલન કરી, ચંદનપુષ્પ ચડાવવાં. અપસવ્ય કરી
તલને દર્ભ ઝાલી સંપુટ કરી ॐ अक्रोधने. ॥ મંત્ર પુરો ભણી

---

१ द्वेवेक्षण क्रियतां એમ યજમાને ગોર (श्राद्ध કરાવનાર) ને ક-
હેવું. ૨ क्रियतास्म એટલું ગોરે યજમાનને કહેવું. જો યજમાન પોતે
હાથેજ કરતો હોય તો પોતે મનમાં ધારવું કે હું શ્રાદ્ધકર્મ કરવા સ્વસ્થ રહું.

भवन्तिः પર્યંત ભણી (पितृ श्राद्धे, पितामह श्राद्धे प्रपितामह श्राद्धे ब्राह्मण कार्ये જેનું હોય તેનું બોલવું.)

पितुःसांवत्सरिक श्राद्धे पित्रू कार्यथी प्रकुर्वंतु ममप्रियं अमुक गोत्रस्य अस्मत् पितुरिदंवःपाद्यम्. ॥ બીજું ઉપર પ્રમાણે બોલી, તલ પિતાના ચટ ઉપર ચડાવવા તેવીજ રીતે પિતામહ પ્રપિતામહના ઉપર પણ ચડાવવા; સવ્ય કરીને જવને દર્ભ ઝાલવો ॐ अक्रोधनैः ०॥ ભણી भवन्तिः ०॥ પર્યંત ભણવું પછી विष्णु श्राद्धे ब्राह्मण कार्ये प्रकुर्वंतु ममप्रियं, लक्ष्मी कान्ताय वासुदेवाय एतद्वः पाद्यं पादा ०॥ પુરૂ ભણી હાથમાં ઝાલેલો દર્ભ કહાડી નાખવો.

દર્ભના કડકાનું આસન મુકી તે ઉપર તરભાણું મુકો તેમાં દર્ભની પવિત્રી નાખવી [દર્ભનો ૪ આંગળનો કટકો] પછી તે તરભાણામાં ॐ शन्नो देवी०॥ મંત્રથી જળ ભરવું. ડાબા હાથમાં દર્ભ, જવ, તલ ઝાલી સંપુટ કરી ભણવું—

सप्तव्याधादशार्णेषु, मृगाकालंजरेगिरौ ।
चक्रवाकाःसुरद्वीपे, हंसाःसरसिमानसे ॥
तेऽपिजाताःकुरुक्षेत्रे, ब्राह्मणावेदपारगाः ।
प्रस्थितादूरमध्वानं, यूयंतेभ्योऽप्रसीदत ॥
देवताभ्यश्चापितृभ्यश्च, महायोगिभ्यएवच ।
नमःस्वाहायैस्वधायै, नित्यमेवभवंतुते ॥

श्राद्धभूमौगयांध्यात्वा, ध्यात्वादेवगदाधरं ।
ताभ्यांचैवनमस्कारं, ततःश्राद्धंप्रवर्तते ॥
गयायांविष्णुरूपेण, स्वयमेवजनार्दनं ।
तंध्यात्वापुंडरीकाक्षं, मुच्यतेचरणत्रयात्[1] ॥

એટલું બોલી, જવ, તલ તરભાણામાં નાંખવા. હાથમાં ઝાલેલી દર્ભની સેરથી તરભાણાનુ જળ હલાવવું.

तमुष्टवामवंगिरईंद्रमुक्थानिवावृधुः ।
पुरुण्यस्यपौंडस्यासिसासंतुवनामहे ॥

એ મંત્રથી શ્રાદ્ધની સામગ્રી ઉપર જળ છાંટતાં બોલવું કે पितुः (अमुकस्य) सांवत्सरिक (अमुक) श्राद्धो पहाराणां सर्वेषां पवित्रताऽस्तु ॥ અપસવ્ય કરી જળ છાંટતાં બોલવું કે उदक्यादि शूद्र द्रष्टिनिपातादि दोषाच्च गृहण स्पर्शाच्च श्वान शूद्रमांजारादिनां पाकादिनां पवित्रताऽस्तु ॥ સવ્ય કરી જળ છાંટતાં બોલવું કે–गंगोदकेन तीर्थोदकेन श्राद्धोदकेन प्रोक्षणताऽस्तु सर्वे पाकाः शुचयो भवंतु, देश, काल, पाक, पात्र, द्रव्य श्रद्धा संपदस्तु ॥

દર્ભને જવ ઝાલી સંપુટ કરી.

ॐमधुवाताऽऋतायतेमधुक्षरंतिसिंधवः ।
माध्वीर्नःसंत्वोषधीः ॥ १ ॥

---

[1] ત્રણઋણ=દેવરણ, મનુષ્યરણ, પિતૃરણ.

ॐमधुनक्तमुतोषसोमधुमत्पार्थिवꣳरजः।
मधुद्यौरस्तुनःपिता ॥ २ ॥
ॐमधुमान्नोवनस्पतिर्मधुमाꣳअस्तुसूर्यः।
माध्वीर्गावोभवंतुनः ॥ ३ ॥

એ ત્રણ ઋચાઓ ભણી ઝાલેલા જવ, તલ, પૈકી કું ચારે દિશામાં વેરતાં બોલવું કે-

पूर्वेनारायणंदेवंदक्षिणेमधुसूदनं।
पश्चिमेवामनंदेवंमुत्तरेचगदाधरं ॥
ऊर्ध्वंतुपुंडरीकाक्षमधस्तात्विष्णुदेवता ॥

બાકી કું વધેલા જવ તલ સાથે દર્ભ અપસવ્ય કરી ડાબી અથવા જમણી કેડે વસ્ત્રમાં ખોસવા, તે નિવીબંધનકરવાનું કારણ કે યાતુ ધાનાદિકથી વિઘ્ન નડે નહિ. નિચે પ્રમાણે સંકલ્પ કરવો:-

अत्राद्य अमुकमासे, अ ॥ प ॥ अ ॥ ति ॥ अ ॥ वा ॥ एवं ॥ शुभ पुण्य तिथौ अमुक गोत्रस्य मम पितुः सांवत्सरिक श्राद्धे विश्वे देवा पूर्वकं, अर्घ्यपिण्ड सहितं, पार्वणैक वि-

धिना युष्मदनुज्ञया श्राद्ध महं करिष्ये० ॥

પાટલા ઉપર જે બે ચટ વિશ્વદેવાના મુકેલા છે તેમને સવ્યથી पुरुरवार्द्रौ संज्ञीका विश्वे देवा आसनंवःस्वाहा એ પ્રમાણે બોલી દેવને આસન આપવું. અપસવ્ય કરી દક્ષિણાભી મુખે બેશી

अमुक गोत्रस्य अस्मत् पितु आसनं वःस्वधा ॥ अमुक गो ॥ अस्मत् पितामह आसनं वःस्वधा ॥ अ । गो । अस्मत् प्रपितामह आसनं वःस्वधा ॥

સવ્ય કરી વિષ્ણુને આસન આપતાં लक्ष्मी कान्ताय वासुदेवाय आसनं वःस्वाहा । બોલી ઉત્તરાગ્ર આસન આપવું પછી દેવનું આવાહન નિચેના મંત્રથી કરવું.—

ॐ विश्वेदेवा सऽआगत शृणुताम ऽइम ँ हवम् । एदम्ब र्हिन्निषीदत ॥ ॐ विश्वेदेवाः शृणुतेमं हवम्मे येऽअन्तरिक्षे यऽउपद्यविष्ठ । ये अग्निजिह्वाऽउतवाय जत्राऽआ सद्यास्मि न्बर्हिषिमादयध्वम् ॥

आगच्छंतुमहाभागाविश्वेदेवामहाबलाः ।
येपत्रविहिताश्राद्धेसावधानाभवंतुते ॥

पुरूरवार्द्रौ संज्ञकान् विश्वेदेवान् आवाहयिष्ये आवा-
ह्य । એ રીતે વિશ્વેદેવાને આવાહન કરતાં ચટ ઉપર જવ ચ-
ડાવવા. અપસવ્ય કરી તલ ઝાલી પિતૃઓનું આવાહન કરવું.

ॐ उपन्तस्त्वा निधीमह्युपनूतः समिधि
मही उपन्नु सतऽआवः पितॄनह् विषेऽअत्तवे॥
ॐ आयंतुनः पितरः सोम्या सोग्निष्वांताः ॥
पथिभि र्देवयानैः । अस्मिन्यज्ञे स्वधया मदं-
तोधि बृवंतुते वंत्वस्मान् ॥ ॐ अपहृता अ-
सुरारक्षांꣳसिवेदीष दह ॥ अमुक गोत्रस्य
अस्मत्पितरं आवाहयिष्ये आवाहय ॥
अ । गो । अ । पितामह आवा० ॥ अमु । गो ।
प्रपितामह आ० ॥ એ રીતે પિતૃના ત્રણે ચટ ઉપર
તલ ચડાવવા. ત્યારબાદ અર્ઘ્યપાત્ર પુરવાં તે નિચે પ્રમાણે.—

મહુડાના અથવા ખાખરાના પાનાનાં અર્ઘ્યપાત્ર કરવાં (પડીયા ઉપયોગમાં લેવા) સવ્ય કરી બે અર્ઘ્યપાત્ર વિશ્વેદેવાના આગલ પૂર્વાગ્ર મુકવા [પડીઆનાં ડીટાં પૂર્વ પશ્ચિમ રાખવાં] પિતૃના આગળ ઉત્તરાગ્ર ત્રણ અર્ઘ્યપાત્ર મુકવા વિષ્ણુને પણ સવ્યથી એક અર્ઘ્યપાત્ર પૂર્વાગ્ર મુકવું. વિશ્વેદેવોના દરેક અર્ઘ્યપાત્રમાં

ॐ शन्नोदेवी रभिष्टयऽआपो भवंतु पीतये । शंयोरभि स्त्रवन्तुनः ॥ મંત્રથી બણે આચગની જળ પુરવું. પછી **ॐ जवोसि जवया स्मध्वेपो जवया रातीर्दिवे त्वांत रिक्षायत्वा पृथिव्यैत्वा सुन्धन्तान् लोकाः पितृ षदनाः पितृ षदनमसि ॥** એ મંત્રથી દરેક અર્ઘ્યપાત્રમાં જવ મુકી બબે પવિત્રાં (દર્ભના ૪ આંગળના કકડા) મુકવા; પછી ગંધ પુષ્પ નાખી दैव पात्राणां अर्घ्यार्चनविधेः परिपूर्णताऽस्तु ॥ બોલી બે વાર નમસ્કાર કરવા. અપસવ્ય કરીને પિત્રાઇના દરેક અર્ઘ્યપાત્રમાં ॐ शन्नो देवी० ॥ મંત્રથી ત્રણ ત્રણ આચમનીઓ જળ પુરી;

ॐ तिलोसि सोमदैवत्यो गोसवो देव निर्मितः प्रत्नमद्भि प्रकृतिः स्वधान् लोकान् प्राणिहानंवः स्वधा. મંત્રથી તલ મુકવા. **ॐ पवित्रेस्थो.**

वैष्णव्यौ सवितुर्वः प्रसव उत्पुनाम्य छिद्रेण पवित्रेण सुर्यस्यरश्मिभिः तस्यते पवित्रपते पवित्र पुतस्य जत्कामः पुनेत्तछकेयम् ॥

એ મંત્ર ભણી દરેકમાં ત્રણ ત્રણ પવિત્રાં મુકી ગંધ પુષ્પ મુકી पित्रृणां अर्घ्यपाद्यार्चन विधेः परिपूर्णताऽस्तु બોલી ત્રણ-વાર નમસ્કાર કરવા. સવ્ય કરી વિષ્ણુના અર્ઘ્યપાત્રમાં ॐ शनो देवी० ॥ મંત્રથી એક આચમની જળ પુરી જવ, પવિત્રુ મુકી ગંધ, પુષ્પ નાખી विष्णु पात्राणां अर्घ्यपात्रार्चन विधेः परिपूर्ण-ताऽस्तु ॥ બોલી નમસ્કાર કરવા; પછી વિશ્વેદેવાનો એક અર્ઘ્ય [પાત્ર] ગૃહણ કરી

स्वाहा अर्घ्याभवंतु अस्तु स्वाहा पूजाकार्या या दिव्याऽआपः पयसासंबभूव्यांऽअन्तरिक्षा ऽउतपार्थिवीर्य्याः। हिरण्याहिरण्यवर्णा यज्ञि-यास्तानऽआपःशिवाः शिवतमाःशांताःशांतत-मास्ते कृण्वन्तु भेषजम,स्योनासुहवाभवन्तु॥

पुरुरवार्द्र संज्ञकानां विश्वेदेवानां पवित्रार्पणं पुष्पार्पणं पूजा-र्घ्यवोर्घ्यः स्वाहाः ॥ મંત્ર બોલી ઝાલેલા અર્ઘ્ય પાત્રનું જળ, જવ, પવિત્રાં વીગરે વિશ્વેદેવા ઉપર ચડાવવું. ખાલી પછી આમાં

६७१८

ફે આચમની જળ રેડી નિચે મુકવો. પછી અપસવ્ય કરી પ્રથમ પિત્રાદ્યનો અર્ધ્ય પાત્ર ઉપાડી.

स्वधा अर्घ्या भवंतु अस्तु स्वधापूजा कार्या या दिव्याऽआपः पयसा संबभूव्याऽअन्तरिक्षाऽउतपार्थिवीर्य्याः॥हिरण्या हिरण्यवर्णाय ज्ञियास्तानऽ आपः शिवाः शिवतमाः शांताः शांततमास्ते कृण्वन्तु भेषजमूस्योना सुहवा भवन्तु ॥ अमुक गोत्रस्य अस्मतापित्रे पवित्रार्पणं पुष्पार्पणं पूजाएषवोर्घ्यःस्वधा॥ મંત્ર બોલી જળ, તલ, પવિત્રાં વીગરે પહેલા પિત્રાદના ચરુ ઉપર ચઢાવી દેવાં. તેવીજ રીતે એકપછી એક અર્ધ્ય પાત્ર લઇ ઉપર પ્રમાણે બોલી पितामहायपवित्रार्पणं ०॥ બોલી બીજા ચરુ ઉપર ચડાવવું. તેવીજ રીતે ત્રીજા ચરુ ઉપર प्रपितामहायपवित्रार्पणं ०॥ બોલી ચડાવવું. દરેક અર્ધ્ય પાત્ર ચહડાવ્યો કે તુર્તજ તેમાં એક એક આચમની જળ પુરવું સવ્ય કરીને स्वाहा अर्घ्या ०॥ ભણી लक्ष्मिकान्तायनमःपवि ०॥ બોલી વિષ્ણુના અર્ધ્ય પાત્રમાંથી બધુ વિષ્ણુને ચડાવી એક આચમની જળ રેડવું. પછી पुरुरवाद्री संज्ञकाविश्वेदेवाअर्चनंवः स्वाहा ०॥ બોલી વિશ્વેદેવાના ચરુ ઉપર ગંધ, પુષ્પ, જવ ચડાવવાં. અપસવ્ય કરીને पितु, पितामह, प्रपितामहानां अर्चनंवः

સ્વધા ॥ કહી ત્રણે ચરૂ ઉપર ગંધ, તલ, પુષ્પ ચડાવવાં. સવ્ય કરી लक्ष्मीकान्ताय वासुदेवाय अर्चनंवःस्वाहा ॥ બોલી વિષ્ણુ ઉપર ગંધ, તુળસી, પુષ્પ ચડાવવાં. વિશ્વેદેવાને, आचमनंवःस्वाहा. કહી આચમન આપવાં અપસવ્ય કરી पिता,पितामह,प्रपितामहानां आचमनंवःस्वधा ॥ બોલી પિત્રાઇઓને આચમન આપવાં સવ્ય કરી लक्ष्मी ०॥ आचमनंवःस्वाहा ०॥

બોલી વિષ્ણુને આચમન આપવું. હવે પ્રથમ જે ખાલી અર્ઘ્યપાત્રમાં જળ ભરેલું છે તે બધા અર્ઘ્યપાત્રમાંથી પિત્રાઇના પ્રથમના અર્ઘ્યપાત્રમાં ભેગું કરવું; તે ભેગુ કરેલુ જળ બીજા [અર્ઘ્યપાત્ર સિવાયના] પડીઆમાં રેડવું. વિશ્વેદેવા, પિત્રાઇ, વિષ્ણુના ઉપર ચહડાવેલા પવિત્રાં સવ્યાપસવ્યથી જમણે હાથે ઉઠાવી લઇ ડાબા હાથમાં ઝાલવાં. પછી તે જમણા હાથમાં લઇ પ્રથમ જે પડીઆમાં જળ ભેગુ કરી મુકયું છે તેમાં બોળી અગ્નિકુણમાં છાંટવું ને પિત્રાઇના અર્ઘ્યપાત્રમાંથી એક પડીઓ અગ્નિકુણમાં ઉંધો પાડી[1] તે ઉપર ઝાલેલાં પવિત્રાં મુકવાં તે ઉપર બીજો દર્ભનો કડકો મુકી ગંધ, પુષ્પથી પૂજા કરવી; ને જે જળ પડીઆમાં શેશ રહ્યું હોય તે પિંડ મુકવાની જગોએ રેડી દેવું. જમીન ઉપર નાખેલુ જળ આંખે અડકાડતાં બોલવું તે–

ॐ आपः शिवाः शिवतमाः शांताः शांतत मास्ते कृण्वन्तु भेषजमस्योनासुहवा भवन्तु॥

---

૧ પડીઓ ઉંધો પાડવાનું કારણ કે તે તળે પિત્રાઇઓ રહે છે એમ શૌનકનું કહેવું છે.

ડાબા હાથમાં ફુલને જવ ઝાલી જમણા હાથ વતી, इदं भोज्योति ॥ सूर्योज्योति ॥ दीपकोज्योति ॥ બોલી જવ અને ફુલ પોતાના માથા ઉપર, સુર્ય સામા, દિવા ઉપર નાખવા. પછી આચમનીમાં જળ લઇ

अस्यश्राद्धस्यार्चनविधेःसर्वपरिपूर्णताऽस्तु ॥

[આ જગોએ કેટલી જ્ઞાતિઓમાં અગ્નૌ કરણનો હોમ કરવાનો ચાલ છે પણ તે અત્રે અમારી જ્ઞાતિમાં નહી હોવાથી લખ્યો નથી. શાખા ફેર પણ હોમ થાય છે] આ વખતે જો પ્રત્યક્ષ બ્રાહ્મણ હોય તો વિશ્વદેવા અને પિત્રાદિના બ્રાહ્મણ જેટલાં પત્રાળાં પિરસવાં જો બ્રાહ્મણ પ્રત્યક્ષ ન હોય ને ચટથીકામ ચાલતુ હોય તો બળે પાના ઉપર તમામ રસોઇમાંથી થોડી થોડી મુકવી તે પહેલાં પત્રાળે ઘી ચોપડવું વિશ્વદેવા આગળ બોલવું તે

ॐ ऋतंत्वा सत्येन परमभिसिंचामि पृथिवी ते पात्रं द्यौरपिधानं ब्राह्मणस्य मुखेऽअमृतेऽअमृतंजुहोमि एतत्तेहव्यं रक्षयदन्नंयच्चदास्यंतत् सर्वैंतृप्ति पर्यंतं आतृप्ते ब्राह्मणभोजनंवःस्वाहा॥

એ રીતે સવ્યથી વિશ્વદેવોને જળ[1] આપવું. અપસવ્ય કરી, પિતૃ, પિતામહ, પ્રપિતામહને જમાડવાની આજ્ઞા કરતાં ઉ-

---

૧ જળ આપવાનું કારણ કે વિશ્વદેવાને પોતાના જળથી અન્નાર્પણ કરવાનો અધિકાર નથી માટે આ જળથી કરવા આપવું.

પરનો મંત્ર બોલવો તેમાં हव्यंरक्ष ને બદલે कव्यंरक्ष તથા वः स्वाहा ને બદલે वःस्वधा બોલવું. સવ્ય કરી વિષ્ણુને જમાડતાં सत्यंत्वर्ते न परमभि ॥ થી हव्यंरक्षवःस्वाहा मुखवासवः स्वाहा બોલી જમાડી મુખવાસ આપવું તે વખતે ॐ मधुवाताः ॥ ની ત્રણ ઋચાઓ ભણો

भोदेवाः तृप्तास्थ तृप्तास्म स्वदितं सुस्वदितं शेषमन्नं इष्टैः सह भुज्यतां ॥

એમ કહી જળ ચટ ઉપર ચડાવવું. જમવાની આજ્ઞા આપવી જમતે જમતે જે તમને રૂચે તે પદાર્થ ઇચ્છાપૂર્વક જમજો એમ યજમાને કહેવું; જો પ્રતક્ષ બ્રાહ્મણ જમવા બેઠા હોય તો સારી પેઠે જમાડવા. આ જગોએ ॐ उदीरता ॥ તેર શ્લોક તથા सहस्रशीर्षा ॥ તથા પુરૂષ સુકત વીગરે ભણાય છે. પિંડદાનને માટે નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अद्यपूर्वोचरित एवं गृहगण विशिष्टायां शुभ पुण्यतिथौ अमुकगोत्रस्य अस्मत् पितुः पिता मह, प्रपितामहानां (अमुक) प्रातिवार्षिक सां वत्सारिक निमित्तं पिण्डदान महं करिष्ये. ॥

એ પ્રમાણે સંકલ્પ અપસવ્યથા કરી સવ્ય કરી મુકી દેવો (પિત્રાદિ સંબંધી હરેક સંકલ્પ માટે એમ સમજવું.) પછી સં-

ઘેલા ચોખા પિંડ કરવા માટે આણી તેને ચોળી તેમાં મધ, ઘી, ખાંડ, દુધ, દહી, આદ્રનુ જળ, વિષ્ણોદક, જવ, તલ, તુળસી વિગરે નાખી એકત્ર કરી ત્રણસેરના અગર બે સેરના ત્રાજુ દર્ભ દક્ષિણાગ્રમુકી તે ઉપર જવ, તલ નાંખતાં ભણવું કે

अयोध्यामथुरामायाकाशिकांचिअवन्तिका ।
पुरीद्वारामतिश्चैवसप्तैतेमोक्षदायकाः ॥
यवक्षेत्रांतिलक्षेत्रंइदंभूमिइदंगया ।
तिलान्विकीर्यमहीम्तुलसीपत्रांनिक्षिपेत् ॥
तिलामन्नंचपानियंदधिघृतंपयस्तथा ।
मधुसर्पिसमायुक्ताअष्टांगोपिंडउच्यते ॥

એટલુ બોલી અપસવ્ય કરી વિકિર (વકુનો) પિંડ અગ્નિ અથવા નૈરૃત્ય કુણમાં મુકવો; તે મુકતી વખતે ભણવું કે

असंस्कृतप्रमीतानांत्यागिनांकुलयोषिताम् ।
उच्छिष्टभागधेयंस्यात्दर्भेषुविकिरासनं ॥

બોલી પિંડ મુકવો. પછી તે પિંડ ઉપર જળની ધાર કરતાં બોલવું કે

ॐअग्निदग्धाश्चयेजीवायेऽपिदग्धाकुलेमम ।
भूमौदत्तेनतृप्यन्तुतृप्तायान्तुपरांगतिम् ॥

હાથ ધોઇ આચમન લઇ પિંડપ્રદાન કરતાં બોલવું તેઃ—

अमुकगोत्रस्य अमस्तूपित्रे वसुरूपाय पिण्डान्नंवः स्वधा ॥ अमुकगोत्रस्य अस्मत्पिता-महाय रुद्ररूपाय पिण्डदान्नंवः स्वधा ॥ अमुक गोत्रस्य अस्मत् प्रपितामहाय आदित्य रू-पाय पिण्डान्नंवः स्वधा. ॥

એ પ્રમાણે બોલતાં દરેક પિત્રાદિના ચરૂ આગલ અપસવ્ય કરી દક્ષિણાભિ મુખે બેસી જમણા હાથને ડાબો હાથ અડકાડી અંગુઠાને તર્જનીથી ઝાલી કોઠા જેવડા પ્રમાણનો એક એક પિંડ મુકી સવ્ય કરી આચમન લેવું. પછી તે પિંડ ઉપર; पिण्डप्रत्यं अवनेजनंवः स्वधा ॥ બોલી તરભાણામાંના જળનું ચાપુ ભરી અં-ગુઠા આગળથી ઉતારી પસ્ચિમથી પુર્વ ભણી ધારા કરવી. આગળ કટીવસ્ત્રમાં (કહેડમાં) ખોસી મુકેલા જવ, તલ, દર્ભ કહાડી નાખવા.

ॐ नमोवः पितरोरसायनमोवः पितरः शोषा-यनमोवः पितरोजीवायनमोवः पितरः स्वधा-यैनमोवः पितरोघोरायनमोवः पितरोमन्यवे नमोवः पितरः पितरोनमोगृहान्नः पितरोदत्त

सतोव: पितरोदेष्मैतद्व: पितरोवास ॥

એ મંત્ર ભણી પાત્રમાં વધેલા ચોખા પિંડ ઉપર વેરવા. પછી પિંડ ઉપર વસ્ત્ર ચડાવવું તે પોતાની શક્તિ મુજબ ચડાવવું; વસ્ત્રના અભાવે ઉન, રેશમ, સુતરના તાર (વણુતાર) ચડાવવા. દરેક પિંડ ઉપર જુદા જુદા તાર ચડાવવા કારણકે બધા પિંડ ઉપર ભેગા વસ્ત્ર અથવા તાર ચડાવવાથી પિત્રાઇઓને ખેંચખેંચા થાય છે એમ નાગરખંડમાં કહ્યું છે ત્યાર બાદ તે પિંડ ઉપર ચંદન "તર્જની" આંગળીથી કરી પુષ્પ ચડાવતાં બોલવું.

अगस्त्यंभृंगराजंचतुलसीशतपात्रिका ।

तिलांश्चतिलपुष्पंचषडैतेपितृवल्लभा: ॥

ગુગળ અને ઘીનો ધુપ કરવો, દિપ કરવો. (જો પ્રથમથીજ કરેલો હોય તો હાલ જરૂર નથી) આચમન કરી રાંધેલી રસોઇથી પિંડને નૈવેદ્ય કરવું થાળ ઉપર ॐ मधुवाता० ॥ ની ત્રણ ઋચાઓ ભણી જળ માર્જન કરવું, તે થાળ પૈકી ૧ ભાગ જુદો કહાડી તેથી વિષ્ણુનું નૈવેદ્ય કરવું તે વખત

ॐ नाभ्यासिदंतारिक्षंशिष्णोंद्यौ: समवर्तत । पद्भ्यां भूमिर्दिश श्रोत्रास्तथालोकान्न अकल्पयन् ॥ એ મંત્ર બોલી વિષ્ણુ ભગવાનને

ॐ प्राणायस्वाहा; अपानायस्वाहा; व्यानाय-
स्वाहा; उदानायस्वाहा; समानायस्वाहा ॥
થી જમાડી मध्येपानीयंसमर्पयामि,हस्तप्रक्षालनं,
मुखप्रक्षालनं, करोद्वर्त्तनार्थेचंदनंसमर्पयामि॥

બોલી જળ મુકવું. થાળમાં જે રસોઇ આણી મુકેલી છે તેથી પિત્રાઇઓને નૈવેધ્ય કરવું તે વખત અપસવ્ય કરી ॐ प्राणाय- स्वधा ॥ ઇત્યાદિ બોલી જમાડી હસ્ત પ્રક્ષાલન કરાવિ मुखवा- सार्थे पुंगिफल तांबुल दक्षिणां समर्पयामि । બોલી જો બ્રાહ્મણ પ્રત્યક્ષ હોયતો દક્ષીણા મુકવી નહિ તો નહિ. આ વખતે જે પવિત્રાં અગ્નિ ખુણામાં પડીઆ ઉપર મુકી છાંડયાં છે તે બંન્ને પિંડ ઉપર મેલીનાખી ઉંધો પાડેલો પડીઓ છતો કરી[1] જ્યાં હોય ત્યાંજ રહેવા દેવો સવ્ય કરી पुरुरवाद्रैं संज्ञकाविश्वेदेवा दक्षिणामुखवासंघः स्वाहा ॥ એમ બોલી વિશ્વદેવા આગળ દક્ષિણા મુકવી તે તાંબુલ, ફળ, નાળીએર વીગેરેની મુકવી પણ રૂપામ્હોર કદ્દી મુકવી નહિ. અપસવ્ય કરી પિત્રાઇઓને દક્ષિણા શક્તિ મુજબ મુકવી. સવ્ય કરી लक्ष्मीकान्ताय वासुदेवाय दक्षिणामुखवासंघः स्वाहा. ॥ બોલી વિષ્ણુને દક્ષિણા મુકવી. પછી

अमुकगोत्रस्य अस्मत्पितृपितामह, प्रपिता-
महानां अमुकामुकशर्माणां वसुरुद्रादित्यस्व
रूपाणां पिण्डार्चन विधेः सर्वं परिपूर्णतास्तु

॥ अनेन पिण्डदानेन पितॄणां अक्षय्यातृप्तिः सातृप्तिरस्तु । काले श्राद्धं भवतु । गयायां पिंण्डदानेन या तृप्तिः सातृप्तिरस्तु । स्वर्गे वासो ऽस्तु ॥ સવ્ય કરી આચમન લઇ ત્રણવાર ગાયત્રી જપી આશિષ્ માગવી તે ॐ गोत्रंनो वर्द्धतां दातारोनोऽभिवर्द्धतांवेदाः संततिरेवच।श्रद्धाचनो माव्यगमद्बहु देयंचनोऽस्तु । अन्नंचनोबहु भवेदतिथींश्चलभेमहि । याचितारश्चनः संतुमाच याचिष्म कंचन ॥ एताः सत्या आशिषः संतु ॥

એ પછી પિંડજવાર (નમસ્કાર) કરવા તે.

ईशानविष्णुकमलासनकार्तिकेय,
वन्हित्रयार्करजनीशगणेश्वराणां; ।
क्रौंचामलेन्द्रकलशोद्भवपन्नगानां,
पादौनमामिसततंपितृमुक्तिहेतुः ॥

कुलेसपरिवाराणां, पशु, पुत्र, बांधवादीनां का

लेर्दीर्घमायुरस्तु। पुष्टिरस्तु। तुष्टिरस्तु। रिद्धिरस्तु। वृद्धिरस्तु। अविघ्नमस्तु। आरोग्यमस्तु ॥

પછી પિંડતળેની વચલી સેર ખેંચવી જે પિંડ મધ્યે મુકેલો છે (પિતામહનો) તે અપસવ્યથી લઇ ડાબા ખભાભણી લઇ જઇ સુધી સવ્ય થઈ હતો ત્યાંજ મુકીદેવો. અપસવ્ય થઇ તળ ઝાલી ॐ वाजेवाजेऽवत वाजिनोनोधनेषु विप्रा अमृताऽऋतज्ञाः। अस्य मद्धः पिवत मादयध्वं तृप्तायात पथिभि र्देवयानैः એ મંત્રથી પિત્રાદિના ચરૂ ઉપર તલ નાખવા. સવ્ય કરી જવ ઝાલી ॐ वाजेवाजे०॥ મંત્ર ભણી વિશ્વદેવાના ચરૂ ઉપર નાખવા અને પછી પિંડ ઉપર નાખવા. અપસવ્ય કરી પિત્રાદિના ચરૂ વિશ્વદેવોના ચરૂ એકઠા મુકી ॐआमावाजस्य प्रसवो जगम्या देमेद्यावा पृथिवी विश्वरूपे आमागंतां पितरामातरा सोमोऽअमृतत्वेन गम्यात् ॥ એ મંત્રથી એકઠા મુકેલા ચરૂ પછવાડે જળની ધારા દેઇ નિચેનો શ્લોક ભણવો.

आयुर्विद्यांधनंदत्तंयशस्सुवीर्यंचपुष्कलं ।
पुत्रान्देहिधनंदेहिसर्वकामांश्चदेहिमे ॥

વિષ્ણુને :-कायेनवाचा मन्सेन्द्रियैर्वा बुद्धया-त्मनावा प्रकृति स्वभावात् । करोमियद्त्स-कलं परस्मै नारायणायेति समर्पयेतत्. ॥ એ મંત્ર બોલી તુલસીપત્ર ચડાવવું, પછી ગોરને પુછવું કે "श्राद्धं संपूर्ण ?" ત્યારે ગોરે કહેવું કે "ब्राह्मणानां वचनात्" श्रीविष्णु प्रसादात् संपूर्ण मस्तु" (કદાચ આપણ હાથે કરતા હોઇએ તો મનમાં ધારવું કે મારૂ કરેલું શ્રાદ્ધ નિર્વીઘ્ન ગયા શ્રાદ્ધ તુલ્ય થયું.

ॐप्रमादात्कुर्वतांकर्म्मप्रच्यवेताध्वरेषुयत्
स्मरणादेवतद्विष्णोःसंपूर्णंस्यादितिश्रुतिः ॥

વાક્ય ભણી ત્રણવાર ગાયત્રી જપી, વિષ્ણુનું સ્મરણ કરવું. પછી પિંડ ઉઠાવી લઇ ગાયને ખવરાવવા અથવા તો ઉંડા જળમાં કે દેવતામાં નાખવા. જો પુત્રની ઇછા હોય તો તેણુ પિતામહ [દાદા] નો પિંડ પોતાની પુત્રકામનાવાળી સ્રીને

ॐ अपांत्वौ षधीनां रसं प्राशयामि
भूत कृतं गर्भं धत्स्व ॥

એ મંત્રથી ઋતુસ્નાન કરી સુદ્ધ થએલી ભકિતયુકત સાત્વી ઉત્તમ સ્રીને આપવો પછી તે સ્રીએ શુદ્ધ થઇ મૌન ધરી

ॐ आधत्त पितरो गर्भं कुमारं पुष्कर स्रजम्

यथेह पुरुषाऽसत् એ મંત્રથી પિંડ ખાવો તેથી ઉત્તમ પુત્ર પ્રાપ્તિ થશે. ગૌગ્રાસ, વાયસાગ્રાદિ ખવરાવવાં. સગાંવહાલાં (યથા શક્તિ) સાથે બ્રાહ્મણ ભોજનની તૈયારી કરવી તે વખતે પિતૃસંહિતા, પુરૂષસુક્ત, વિષ્ણુસુક્ત વીગરે ભણાય છે પછી બ્રાહ્મણના હાથમાં જળ આપી ॐ मधुवाता० ॥ ની ત્રણે રૂચાઓ તથા पृथिवीते पात्रं०॥ ભણી સવ્ય કરી સંકલ્પ લેવો. षोडशो पचार विष्णु पूजन प्रातिष्टा सिध्यर्थं अद्यकृतब्राह्मणानां भोजन संकल्पसिद्धरस्तु॥ કહી જળ મુકીદેઇ અપસવ્ય કરી ફરી જળ ઝાલવુ अमुक गोत्राणां अस्मत् पितृ, पितामह, प्रपितामहानां पार्वणैक विधिना सांवत्सरिक श्राद्ध (अमुक श्राद्ध) सांगता सिध्यर्थं अद्यकृत ब्राह्मणानां भोजन संकल्प सिद्धरस्तु ॥ એ પ્રમાણે બોલી સવ્ય કરી આચમનીમાં લીધેલું જળ મુકી દેવું પછી બ્રહ્માર્પણ કરવું; ॐ ब्रह्मार्पणं ब्रह्महवि ब्रह्मणाग्नौ ब्रह्मणाहुतं। ब्रह्मैवतेनगंतव्यं ब्रह्मकर्म समाधिना ॥ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु। કહી પાત્રની જમણી

બાજુ મુકી દેવું. ફરી જળ લઇ તેન श्री समस्त पितरस्वरूपी जनार्दन वासुदेव प्रीयतांनमम ॥ આ વખતે આગળ બ્રાહ્મણોએ ઝાલેલુંજળ મુકી દેવું: હવે જમવાની આજ્ઞા લઇ જમવા બેસવું. ઇછાનુસાર પ્રીય પદાર્થ જમી ઉછીષ્ટ ભાગ મુકી अमृतो पिधानमसि स्वाहा. કહી અર્ધું જળ પી અર્ધું ઉછીષ્ટ ઉપર અંગુષ્ટથી મુકવું હાથ ધોઇ મુખવાસ લઇ પોતપોતાને ઘેર જવું.

ॐश्रीगदाधरस्तुष्यतु। ॐविष्णवेनमः ३ इति॥

ઉપર આપણા પિતાના સાંવત્સરિક માટે બોલ્યા છીએ હવે જો માનું સંવત્સરીક શ્રાદ્ધ હોય તો બધી રીતી એની એજ છે પણ पितुः ને બદલે **अमुक गोत्रायाः अस्मन्मातुरमुकदेव्याः सांवत्सरिक श्राद्ध महंकरिष्ये॥** તેમજ જ્યાં पितुः पितामह प्रपितामह આવે ત્યાં मातृ, पितामही, प्रपितामही એમ બોલવું, જો ભાઇ, કાકા, વીગેરે જેનું હોય તેનું તે નામને સંબોધી બોલવું.

॥ अथ महालयश्राद्धसंक्षिप्त विधिः ॥

મહાલય શ્રાદ્ધ=એટલે ભાદરવાવદમાં કરવાનું તે. તે શ્રાદ્ધ જ્યાં સુધી કંન્યા અને તોળાના સુર્ય રહે ત્યાં સુધી થઇ શકે છે પણ મુખ્ય કાળ ગજચ્છાયા, અપર પક્ષને કંન્યાના સુર્ય એ ત્રણેનો છે એટલે કે ભાદરવાવદ, (કૃષ્ણપક્ષ) હસ્ત નક્ષત્રનો અને કન્યારાશીનો સુર્ય હોય તે શ્રેષ્ટ છે. તેમાંને સાંવત્સરીક શ્રાદ્ધમાં કંઇ ફેર નથી માત્ર સાંવત્સરીકમાં એક ગોત્ર લેવાય છે, ને મહા-

લયમાં બે લેવાય છે. (આપનું ને મોસાળનું) અથવા ચારે ગોત્ર પણ લઇ સકાયછે. મહાલય શ્રાદ્ધનો સંકલ્પ નિચે મુજબ કરવો:—

अत्राद्य अमुक मासे । अमुक पक्षे । अमुक तिथौ । अमुक वासरे । कुरुकुत्स संज्ञकानां विश्वेषां देवानां ॥ प्राचीनावीती ॥ अस्मत्पितृ पितामह प्रपितामहानां अमुकशर्मणां अमुक गोत्राणां वसुरुद्रादित्य स्वरूपाणां ॥ मातृ पितामहि प्रपितामहीनां अमुक दानं अमुक गोत्राणां वसुरुद्रादित्य स्वरूपाणां ॥ सापत्न मातुः अमुकदायाः अमुक गोत्रायाः गंगारूपायाः ॥ मातामह मातुः पितामह मातुः प्रपितामहानां अमुकशर्मणां अमुक गोत्राणां वसुरुद्रादित्य स्वरूपाणां ॥ मातामही मातुःपितामही मातुःप्रपितामहीनां अमुकदानां अमुक गोत्राणां वसुरुद्रादित्य स्वरूपाणां ॥ पत्न्याः

अमुकदायाः अमुक गोत्रायाः वसुरूपायाः॥ पुत्रस्य अमुकशर्मणः अमुक गोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य ॥ दुहितुः अमुकदायाः अमुक गोत्रायाः सभर्तृकायाः ससुतायाः वसुरूपायाः ॥ पितृव्यस्य अमुक शर्मणः अमुक गोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य ॥ मातुलस्य अमुकशर्मणः अमुकगोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य॥ भ्रातुः अमुकशर्मणः अमुकगोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य ॥ पितृभगिन्याः अमुकदायाः अमुकगोत्रायाः सभर्तृकायाः ससुतायाः वसुरूपायाः॥ मातृभगिन्याः अमुकदायाः अमुकगोत्रायाः सभर्तृकायाः ससुतायाः वसुरूपायाः ॥ आत्मभगिन्याः अमुकदायाः अमुकगोत्रायाः सभर्तृकायाः व-

सुरूपाया: ॥ श्वशुरस्य अमुक शर्मण: अमुक गोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य॥ अस्मत् गुरोः अमुकशर्मणः अमुकगोत्रस्य सपत्नीकस्य ससुतस्य वसुरूपस्य ॥ शिष्यस्य अमुकशर्मणः अमुकगोत्रस्य सपत्नीकस्य स-सुतस्य वसुरूपस्य ॥ आप्तस्य अमुकशर्मणः अमुकगोत्रस्य सपत्नीकस्य सुतस्य वसुरूपस्य एतेषांश्रेयोर्थं मोक्षार्थं तृप्त्यर्थं देशकालाद्यनु-सारतः ॥ पित्रादीनुद्दिश्यकन्यागते सवितरि (गजच्छाया) महालय अपरपाक्षिक श्राद्धं सदैवं अर्घ्य पिंड सहितं पार्वणैक समस्तैको दिष्टेन विधिना श्राद्ध महंकरिष्ये ॥

મહાલય શ્રાદ્ધમાં નીચે બતાવ્યા જેટલા ચર કરવા એટલે કે તેટલાનુ પિંડદાન થઇ શકે. આ. સૂ. માં કહ્યુંછે કે:-

तातांम्बात्रितयंसपत्नजननीमातामहादित्रयं,
सस्त्रिस्त्रीतनयादितातजननीस्वभ्रातरःसस्त्रियः।

तातम्बात्मभगिन्यपत्यधवयुग्जायापितासद्गुरुः,
शिष्याप्ताःपितरोमहालयविधौतीर्थेतथातर्पणे॥

ભાવાર્થ=પિતૃ, પિતામહ, પ્રપિતામહ; માતા, પિતામહિ, પ્રપિતામહિ. ઑારમાન (સાવકી) મા માતામહ, પ્રમાતામહ, વૃદ્ધ પ્રમાતામહ તેઓની પત્નિઓ સુદ્ધાં, પોતાની સ્ત્રી, છોકરો કાકા, કાકી, પોતાના ભાઇઓ તેઓની સ્ત્રીઓ સાથે; ફોઇ, માસી, તેમનાં છોકરાંસાથે; સસરો, સદ્‌ગુરૂ શિષ્ય, ભાઇબંધો; એ શીવાયના પિત્રાઇઓ મહાલય, તર્પણ, તથા તિર્થશ્રાદ્ધમાં લેવા.

પહેલા સાંવત્સરિક શ્રાદ્ધમાં જે બતાવ્યું છે તેમાં જે નામ આપ્યાં છે ત્યાં ઉપર બતાવ્યા પ્રમાણે જેનું શ્રાદ્ધ હોય તેના નામ સાથે ઉપર બતાવ્યા પ્રમાણે तातम्बाथी તમામ પિત્રાઇઓ મોળાઇઓ વીગરે લેવા જેટલા ચટ કર્યા હોય તેટલા અર્ધ્યપાત્ર મુકવાં. વિશ્વેદેવો આગળ આરંભમાં બતાવ્યાછે માટે જે શ્રાદ્ધ હોય તે શ્રાદ્ધને અનુસરી લેવા-વિષ્ણુ પૂજનમાં શ્રાદ્ધનું નામ ફેરવવાનું છે-છેવટે સંકલ્પમાં મહાલય શ્રાદ્ધ સાંગતાળ બોલી સંપુર્ણ કરી તે પછી તલ તર્પણ કરવા. ગર્ગનું કહેવું છે.

ॐनमोदेवीमहाविद्येनमामिचरणौतव ।
सदाज्ञानप्रकाशंमेदेहिसर्वार्थदेशिवे ॥

इति शिवम् ॥ ॐ ॥

ગીતિ

હે દ્વિજવર આ જગપર, નિજપટ્ કર્મે શુદ્ધ થવું સારૂં;
ઇતર સર્વે તજીને, લ્યો લક્ષ્મી રૂપ દર્પણ અમારૂં.

શુદ્ધિપત્ર.

પાનું.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૨	गायत्रि.	गायत्री.
૨૧	૩	संज्ञीका.	संज्ञका.
૨૨	૩	"	"
૨૪	૧૬	ॐ तिलोसि એ આખા મંત્રને બદલે.	ॐ तिलोऽसिसोमदैवत्यो गोसवोदेव निर्मितः । प्रत्नमद्भिःप्रक्तः स्वधया पितॄँल्लोकान्प्रीणाहिनःस्वधानमः
૨૫	૧૭	पितु.	पितृ.
૨૬	૪	पितु.	पितृ.
૨૯	૧૫	गोत्रस्य.	गोत्राणां.
૩૨	૧૮	"	"
૩૨	૧૮	पितु.	पितृ.

જાહેર ખબર.

"આ ગ્રંથ સઘળા દ્વિજ વર્ગને અડધા આનાની ટીકીટ ટપાલ ખર્ચ માટે મોકલ્યાથી નીચેના સિરનામેથી મળશે." તેમજ કારીગર તથા ગૃહસ્થો માટે "શિલ્પ સાર સંગ્રહ" રૂ. ૦–૮–૦ કીંમતનું પુસ્તક આ પુસ્તક છપાવનાર તરફથી બહાર પડી ચુક્યું છે જે મંગાવી શિલ્પ વિદ્યાની કસોટી કરશો એવી આશા છે.

સિરનામું
આપારાવ. વિ. ઝવેરીલાલ. પતાઈ.
નડીઆદ. ઠે. બ્રહ્મપોળ.